બર્ફિલી ઠંડીથી શહેરનુ જનજીવન પ્રભાવિત

સતત ચોથા દિવસે પણ તાપમાન સિંગ્લ ડીઝીટમાં : બે દિવસ સુધી લઘુત્તમ તાપમાન ૫.૫ ડીગ્રી સ્થિર રહ્યુ : આજે ઠંડીમાં આંશિક રાહત પારો ૮ ડીગ્રીએ

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં ઠંડી હજુ આકમક મુડમાં છે. ચાર દિવસ અગાઉ છેલ્લા એક દાયકાની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાયા બાદ ઠંડીનો પારો સતત સિંગ્લ ડીઝીટમાં છે. છેલ્લા બે દિવસ લઘુત્તમ તાપમાન ૫.૫ ડીગ્રી રહ્યુ હતુ. જયારે આજે ઠંડીનો પારો ૩ ડીગ્રી ઉંચકાતા નગરજનોએ આકરા કોલ્ડવેવમાં થોડી રાહત અનુભવી હતી જો કે દિવસનુ તાપમાન હજુ પણ ૨૫ ડીગ્રીથી ઉપર ન જતા દિવસે પણ શહેરીજનો ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. સતત ઠંડીનુ મોજુ યથાવત રહેતા નગરમાં કોલ્ડવેવની અસરથી વહેલી સવારે અને રાત્રિના સમેય સદંતર સુનકાર જોવા મળી રહ્યો છે. જયારે હજુ આગામી એકાદ દિવસ ઠંડીનુ જોર રહે તેવી સંભાવના છે.

ગાંધીનગરમાં છેલ્લા ચાર દિવસથી ઠંડીનો મિજાજ આકરો જોવા મળી રહ્યો છે. ચાર દિવસ અગાઉ ઠંડીનો પારો ૪.૩ ડીગ્રીએ પહોંચી ગયો હતો જેના લીધે છેલ્લા એક દાયકાની સૌથી વધુ ઠંડી નોંધાઇ હતી ગાંધીનગર શહેર આકરી ઠંડીની ગિરફતમાં આવી જતા નગરનુ જનજીવન પણ પ્રભાવિત છે. કોલ્ડવેવના લીધે શહેરમાં સાંજ ઢળતા જ કરફયુ જેવી સ્થિતિ થઇ જાય છે. મુખ્યમાર્ગો સેકટરોની શેરીઓ અને શોપિંગ બજારમાં પણ સન્નાટો છવાઇ જાય છે. છેલ્લા ચાર પાંચ દિવસથી ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં છે. જયારે મહત્તમ તાપમાન પણ ૨૫ ડીગ્રીની નીચે રહેતા દિવસ દરમિયાન પણ નગરજનો સતત ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. ગઇકાલે લઘુત્તમ તાપમાન ૫.૫ ડીગ્રી રહ્યુ હતુ જેના લીધે નગરજનો રજાના દિવસે સતત ઠંડીથી બચવા માટે ઘરમાં પુરાયેલા જ રહ્યા હતા. જયારે આજે ઠંડી ઘટી છે. ગઇકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાન પણ ૩ ડીગ્રી ઉંચકાયુ છે. આજે ઠંડીનો પારો ૮.૧ ડીગ્રી રહ્યો હતો. જયારે મહત્તમ તાપમાનમાં પણ એક ડીગ્રીનો ફેરફાર જોવા મળ્યો હતો. ઉત્તર પશ્ચિમ ભારતમાં ઠંડીનો પ્રકોપ વધતા ગુજરાત, રાજસ્થાન, પંજાબ અને યુ પી સહીતના રાજયોમાં આકમક કોલ્ડવેવનુ મોજુ ફરી વળ્યુ છે. જયારે હજુ પણ એકાદ દિવસ ઠંડીનુ જોર વધુ રહે તેમ પણ હવામાન તજજ્ઞો માની રહ્યા છે. સતત ઠંડીના લીધે ખુલ્લામાં રહેતા શ્રમિકો દયાજનક સ્થિતિમાં મુકાઇ ગયા છે. જયારે ઘરોમાં પુરાઇને રહેતા વડીલો અને બાળકો પણ સતત દિવસ દરમિયાન ઠંડીનો ચમકારો અનુભવતા ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. ઠંડીની અસરથી સવારના સમયે પણ શહેરના માર્ગો પર સુનકાર જોવા મળે છે. વહેલી સવારથી જ વાતાવરણમાં બર્ફિલી ઠંડક છવાયેલી રહે છે.

● અનુસંધાન પાન-૭ પર

મનપાનું ડ્રાફ્ટ બજેટ ૩૧મીએ

મનપાની હદ વધ્યા પછીનું પ્રથમ બજેટ : રૂ. ૫૦૦ કરોડને આંબી જશે : આવકના સ્ત્રોતો વધારવા પર ધ્યાન કેન્દ્રીત થશે : વિકાસ કામોમાં નવા વિસ્તારને વધુ ફોકસ કરવામાં આવશે : ડો. ધવલ પટેલનું પણ પ્રથમ અંદાજપત્ર

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનર ડૉ. ધવલ પટેલ ૩૧મી જાન્યુઆરીને સોમવારે સ્થાયી સમિતિ સમક્ષ વર્ષ-૨૦૨૨-૨૩નું મનપાનું ડ્રાફ્ટ બજેટ રજુ કરશે.

મનપાનું ડ્રાફ્ટ બજેટનું કદ આ વખતે રૂ. ૫૦૦ કરોડને આંબી જશે તેમ મનાઈ રહ્યુ છે. શહેરની હદ વધ્યા પછી પ્રથમ ડ્રાફ્ટ બજેટમાં નવા સમાવાયેલા વિસ્તારોમાં વિકાસ કામોને અગ્રતા અપાશે અને તેથી તેનુ ભારણ વધશે.

મનપાના ડ્રાફ્ટ બજેટમાં આવકના સ્ત્રોત નવા શોધી કેટલીક કર દરખાસ્તો પણ રજુ કરવમાં આવનાર છે. નવા સમાવાયેલા વિસ્તારોની મિલ્કતોનું સર્વે કરવાની કામગીરી સંપન્ન થઈ ગઈ છે એટલે મિલ્કતવેરાની આવક વધશે.

આ ઉપરાંત તંત્ર હવે નવા વ્યવસાયકારોને શોધવા ઉપરાંત સરકારમાંથી વધુ ને વધુ ગ્રાન્ટ મેળવવાનો પણ પ્રયત્ન કરશે. મનપાની હદ વધતાં રેતી-કાંકરીની ગ્રાન્ટ તેમજ ૧૫મા નાણાં પંચમાંથી ગ્રાન્ટ મેળવશે ઉપરાંત હાલના કર માળખામાં ફેરફાર થાય તેવી શક્યતાઓ છે. ખાસ કરીને મોબાઈલ ટાવરોના ભાડામાં ફેરફાર થવાની સંભાવનાઓ નકારી શકાય નહિ.

મનપાના ડ્રાફ્ટ બજેટમાં ગ્રામ્ય વિસ્તારોમાં સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ઉપરાંત વિકાસ કામો માટે તેમજ નવી ઝોનલ કચેરીઓ કાર્યરત કરવા પર ધ્યાન કેન્દ્રીત કરાશે.

વર્ષ-૨૦૨૧-૨૨નું અંદાજપત્ર જે ૨૬૮ કરોડ રૂ.નું હતુ તે આ નવા વર્ષે વધારીને રૂ. ૫૦૦ કરોડ કરવામાં આવશે. મનપાના મહેકમમાં વધારો થવાથી પગાર ખર્ચ પણ વધશે.

મનપામાં કેટલીક વહીવટીય સેવાઓના ચાર્જીસ પણ લાગુ કરવામાં આવી શકે છે તેવા સંકેતો મળી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

મિલ્કતોના સર્વે અને આકારણીની કામગીરી સંપન્ન

શહેરમાં નવા સમાવાયેલા વિસ્તારોમાં ૯૩ હજાર મિલ્કતોનો સર્વે કરાયો : મિલ્કતવેરો આ નાણાંકીય વર્ષથી સમાન રીતે લાગુ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ૧૮ ગામ અને એક નગરપાલિકાનો વિસ્તાર ભેળવાયા પછી મિલ્કતોના સર્વેની હાથ ધરાયેલી કામગીરી સંપન્ન થઈ ગઈ છે અને હાલ આ અંગેના વાંધા-સૂચનો મેળવવામાં આવી રહ્યા છે.

શહેરમાં નવા ભળેલા વિસ્તારોમાં સવાલાખથી વધુ મિલ્કતો હશે તેવો તંત્રનો અંદાજ ખોટો પુરવાર થયો છે. નવા વિસ્તારોમાંથી ૯૩ હજાર મિલ્કતો મળી છે અને જેનો સર્વે પૂર્ણ કરી દેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૯૩ બજાર જેટલી મિલ્કતો નવા વિસ્તારમાં નોંધાઈ છે જેમાં ૭૯ હજાર જેટલી મિલ્કતો રહેણાંકની છે. જ્યારે ૧૪ હજાર જેટલી મિલ્કતો કોમર્શીયલ પ્રકારની છે.

જુના શહેરમાં ૬૭ હજાર જેટલી મિલ્કતો છે જેમાં ૫૯ હજાર રહેણાંક પ્રકારની તો ૮ હજાર જેટલી કોમર્શીયલ પ્રકારની બિલ્ડીંગો છે.

આ નવા સમાવાયેલા વિસ્તારોમાં હવે એક સમાન મિલ્કતવેરાની આકારણી થશે. એક સમાન આકારણી થશે તો મનપાની આવકમાં અંદાજે રૂ. ૩૫ કરોડ જેટલો વધારો થશે તેમ મનાઈ છે.

હાલ શહેરમાં મિલ્કતવેરાની આવક રૂ. ૨૫ કરોડ જેટલી થાય છે. આમ મિલ્કતવેરાની આવક વધશે.

મિલ્કતોના સર્વેની કાગીરી નવેમ્બરથી હાથ ધરવામાં આવી હતી અને બે મહિના સુધી આ કામગીરી ચાલી હતી. આ માટે ૧૪૦ જેટલી ટીમો કામે લગાડવામાં આવી હતી. શહેરમાં નવા સમાવાયેલા વિસ્તારોમાં વિકાસ ઝડપી બને તે માટે તંત્ર પણ વધુ ફોકસ આગામી અંદાજપત્રમાં કરશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગરમાં બિન ઉપયોગી આવાસો ખાતર માથે દિવા સમાન... વિજબીલ રૂ ૧૫ લાખ..!!

શહેરમાં જોખમી આવાસો બંધ હાલતમાં પરંતુ વિજબીલ ચાલુ : તંત્રએ બંધ મકાનોનુ લઘુત્તમ વિજબીલ ચુકવવુ પડે છે : જોખમી આવાસો તોડવા કે રીનોવેશન કરવા અંગે ઝડપથી નિર્ણય લેવાતો નથી

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં દાયકાઓ જુના આવાસો સમય જતા જાળવણીના અભાવે લાંબા સમયથી જોખમી હાલતમાં છે. જયારે આ મકાનો તોડવા તેમજ રીનોવેશન હેઠળ આવરી લેવાના મામલે પણ વિભાગ કક્ષાએથી ઝડપથી નિર્ણય લેવાતો નથી જેના લીધે બિન ઉપયોગી અને બંધ આવાસો પાછળ પણ સરકારે લાખો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. અલબત્ત શહેરમાં બિન ઉપયોગી આવાસોના વિજબીલના ચુકવણા પાછળ પણ રૂ ૧૫ લાખનો ખર્ચ થતો હોવાનુ સ્પષ્ટ થયુ છે. એકબાજુ નવા આવાસો બાંધવા માટે સ્થળ પસંદગી પણ કરવામાં આવતી નથી જયારે જોખમી આવાસો ઉપયોગમાં ન હોવાછતા ખર્ચાળ પુરવાર થઈ રહ્યા છે.

ગાંધીનગરના વિવિધ સેકટરોમાં જુદી જુદી કક્ષાના આવાસો સ્થિત છે. જયારે આ પૈકી મોટાભાગના જોખમી હાલતમાં પણ છે. શહેરમાં હાલ કુલ ૩૦ પૈકી ૨૦ જેટલા સેકટરોમાં જુદી જુદી કક્ષાના આવાસો છે. અન્ય સેકટરોમાં આવાસો નથી. જેમાં સે-૧ થી ૫ , ૧૦ અને સે-૧૧ તેમજ સે-૧૫ થી ૨૫ એ સે-૨૬ નો સમાવેશ થાય છે. જયારે આ સિવાયના સેકટરોમાં સરકારી આવાસો છે. આ આવાસોમાં વર્ગ -૪ કર્મચારી થી માંડીને ઉચ્ચકક્ષાના અફસરો માટે વિવિધ કક્ષાના આવાસો છે. આ ઉપરાંત મંત્રીઓ અને સનદી અધિકારીઓ માટે પણ બંગલા બાંધાવામાં

● અનુસંધાન પાન-૭ પર

મહાનગર ભાજપા દ્વારા ગણતંત્ર દિનની ઉજવણી

દેશના ૭૩માં પ્રજાસત્તાક દિન નિમિત્તે સેક્ટર ૨૧ સ્થિત ભાજપા કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે મહાનગર ભાજપા દ્વારા ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેર ભાજપા મહામંત્રી કનુભાઈ દેસાઈએ ધ્વજારોહણ કર્યું હતું. તિરંગાને સલામી આપી ભારત માતા કી જય અને વંદે માતરમના જયઘોષ સાથે રાષ્ટ્રીય ગીતનું સમૂહગાન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌએ આઝાદીના લડવૈયા અને બંધારણના ઘડવૈયાનું સ્મરણ કરી વંદન કર્યું હતું.

શહેરમાં નવા ૩૬૪ કેસ

૫૧૨ દર્દી ડિસ્ચાર્જ થયા : શહેરમાં આજે રાંદેસણમાં ૨૨, સરગાસણમાં ૩૩, રાયસણમાં ૧૪, કુડાસણમાં ૪૧, વાવોલમાં ૧૯, પાલજમાં ૧૭, ઝુંડાલમાં ૮ કેસ નોંધાયા : શહેરના સેક્ટરોમાં સે. ૩૦ માં ૧૬, સે. ૨૯ માં ૧૩, સે. ૨૪, ૨૫, ૨૬ માં ૧૧-૧૧ કેસ, સે. ૨૨ માં ૧૦ કેસ, સે. ૨૧, ૨૭, ૨, ૫, ૨૮ માં ૯-૯ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૩૬૪ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૬ હજારની નજીક પહોંચવા આવી છે.

શહેરમાં પણ હવે કેસોની સંખ્યામાં વધ-ઘટ શરૂ થતાં તંત્રમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરમાં ગઈકાલે ૫૪૪ કેસ નોંધાયા હતા જ્યારે આજે ઘટીને ૩૬૪ કેસ નોંધાયા છે. શહેરમાં સંક્રમણ ધીમુ પડ્યુ છે પણ હજુ ૩૧ જાન્યુ. સુધી આની આ સ્થિતિ રહે તેમ મનાઈ રહ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૪ દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. શહેરમાં રિકવરી રેટ સુધરી રહ્યો છે. જો કે બાળકો સંક્રમિત થઈ રહ્યાની વાતોથી તંત્ર ચિંતીત બન્યુ છે.

શહેરમાં મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ અપનાવતાં તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા તાકીદ કરી છે.

શહેરમાં જુના સેક્ટરોમાં સંક્રમણનું પ્રમાણ વધવા પામ્યુ છે. જો કે નવા સેક્ટરોમાં જુનાના પ્રમાણમાં થોડોક ઘટાડો થયેલો જણાય છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં કેસો વધી રહ્યા હોવાથી તંત્રએ સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત ટેસ્ટીંગ વધારવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ સહિત કોરોના ગાઈડલાઈન્સના પાલન માટેની સૂચનાઓ આપી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૫૫ મહિલા દર્દી અને ૬૦ કે તેથી વધુ વયના દર્દીઓ ૩૦ નોંધાયા છે.

શહેરમાં આજે ૧૫ દર્દી ૧૦ કે તેથી ઓછી વયના નોંધાયા છે. જેમાં સરગાસણમાં ૩ વર્ષનો દિકરો, પોરમાં ૭ વર્ષની દિકરી, કુડાસણમાં ૯ વર્ષનો દિકરો, વાવોલમાં ૩ વર્ષનો દિકરો, રાયસણમાં ૫ વર્ષનો દિકરો, રાયસણમાં ૨ વર્ષની દિકરી, રાંદેસણમાં ૧૦ વર્ષનો દિકરો, સે. ૨૨ માં ૭ વર્ષનો દિકરો, વોવાલમાં ૬ વર્ષનો દિકરો, રાયસણમાં ૩ વર્ષની દિકરી, સે. ૧૯માં ૫ વર્ષની દિકરી અને ૨ વર્ષની દિકરી તેમજ સે. ૭ માં ૯ વર્ષનો દિકરો સંક્રમિત થયો છે. કુડાસણમાં અઢી માસની દિકરી સંક્રમિત થઈ હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

મહિલા દર્દી, બાળ દર્દી અને મોટી વયના દર્દીઓ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે રાંદેસણમાં ૨૨, સરગાસણમાં ૩૩, રાયસણમાં ૧૪, કુડાસણમાં ૪૧, વાવોલમાં ૧૯, પાલજમાં ૧૭, ઝુંડાલમાં ૮ કેસ નોંધાયા છે.

પેથાપુરમાં ૨, પોરમાં ૩, અંબાપુર, ઈન્ફોસીટી, બોરીજમાં ૧-૧ કેસ તેમજ કોબામાં ૩ કેસ નોંધાયા છે.

શહેરમાં સેક્ટરોમાં સે. ૩૦ માં ૧૬, સે. ૨૯ માં ૧૩, સે. ૨૪, ૨૫, ૨૬ માં ૧૧-૧૧ કેસ, સે. ૨૨ માં ૧૦ કેસ, સે. ૨૧, ૨૭, ૨, ૫, ૨૮ માં ૯-૯ કેસ નોંધાયા છે.

સે. ૩, ૧૨, ૧૩, ૨૩ માં ૮-૮ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૧, ૧૭ માં ૫-૫ કેસ, સે. ૧૯ માં ૭ કેસ, સે. ૪ માં ૬, સે. ૮ માં ૪ કેસ નોંધાયા છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે બે દિવસમાં જ ૯૫૦ જેટલા દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે ૫૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે પણ ૨૯૦૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

નારદીપુરના નારીરત્ન દેવીબેન પંડિતનું દુ:ખદ નિધન

ગાંધીનગર, તા.૨૭

નારદીપુર ગ્રામસેવા મંદિરના ટ્રસ્ટી તથા સ્વાતંત્ર્ય સેનાની સ્વ. નટવરલાલ પંડિતના

ધર્મપત્ની દેવીબેન પંડિતનું ૮૦ વર્ષની વયે દુ:ખદ નિધન થયું હતું. સદ્ગતના નિધનના સમાચારથી નારદીપુરની શિક્ષણ સંસ્થાઓમાં ઘેરાશોકની લાગણી પ્રસરી હતી.

દેવીબેન પંડિતે નારદીપુરની કન્યા કેળવણી અને શિક્ષણના વિકાસમાં ખૂબ જ પ્રદાન કર્યું છે. તેમની દીર્ઘદૃષ્ટિથી મહિલા ગ્રામ વિદ્યાપીઠ અને ભગીની વિદ્યાલય સતત અવ્વલ નંબરે રહેતા હતા. સંસ્થાના ટ્રસ્ટી કૃષ્ણકાન્ત જહાએ સ્વ. દેવીબાની સેવાઓને બિરદાવતા કહ્યું હતું કે, કન્યા કેળવણીના વિકાસમાં ખૂબ ઉમદા પ્રદાન કર્યું છે. જે લાંબા સમય સુધી યાદ રહેશે.

જિલ્લામાં નવા ૧૫૮ કેસ : ૨૨૪ને ડિસ્ચાર્જ

સમૌમાં સાડા છ મહિનાનું બાળક સંક્રમિત : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૩૫, કલોલમાં ૩૫, ગાંધીનગરમાં ૭૪ અને માણસામાં ૧૪ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે ૧૫૮ કેસ નોંધાયા છે. જિલ્લામાં આ સાથે કોરોનાના કેસો ૨૬૦૦ના આંકને પાર કરી ગયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતાર થઈ રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે. દહેગામમાં કેસોની સંખ્યા વધી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં હોમ આઈસોલેશનમાં દર્દીઓ સારવારનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા કડક તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૩૫, કલોલમાં ૩૫, ગાંધીનગરમાં ૭૪ અને માણસામાં ૧૪ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતારને પગલે તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ ટેસ્ટીંગના પ્રમાણને વધારવા તાકીદ કરી છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ૨૪ વિદ્યાર્થી, ૧૧ ખેડૂત, ૧૨ સરકારી કર્મચારી, ત્રણ ડ્રાયવર, ૬૨ મહિલા, ૧ કોમ્યુનીટી હેલ્થ ઓફિસર અને એક આશા વર્કરનો સમાવેશ થાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦ વર્ષથી ઓછી આયુ ધરાવતા ત્રણ બાળ દર્દી નોંધાયા છે જેમાં માણસાના સમૌમાં સાડા છ મહિનાનું બાળક સંક્રમિત થયુ છે. કલોલમાં ૪ વર્ષની દિકરી અને ઉનાવામાં ૯ વર્ષનું બાળક પણ સંક્રમિત થયુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બાળકો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

● અનુસંધાન પાન-૭ પર

બારમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



તમારી સ્મૃતિનું નજરાણું
હંમેશા યાદ રહેશે,
તમારા હાસ્યનું સુમન
હૃદયમાં સદૈવ ખીલતું રહેશે,
સદાય રહેશે ખોટ તમારી
જીવનમાં હરપળ,
ઇશ્વર આપના દિવ્ય
આત્માને શાંતિ અર્પે
એ જ પ્રાર્થના...

સ્વ. નવિનચંદ્ર મુલચંદ ધ્રુવ
જન્મ તા.૨૬-૧૧-૧૯૨૮ સ્વર્ગવાસ તા.૨૭-૦૧-૨૦૧૦

લિ. સ્વ.ભાવનાબેન નવીનચંદ્ર ધ્રુવ
જયેશ, સંજય, દિલીપ (પુત્રો)
હિના, રશ્મી, ભાવના (પુત્રવધૂઓ)
રોનક (પૌત્ર) - પૂજા (પૌત્રવધૂ), રોહન (પૌત્ર)
કિંજલ, ખ્યાતિ, ગ્રીષ્મા, દિયા (પૌત્રીઓ)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com